**SHREE VASISHTHA VIDHYALAYA**

GUJARATI MEDIUM I BILINGUAL MEDIUM I ENGLISH MEDIUM (GSEB)

॥ सर्वे भवन्तु सुखिन: ॥

# Financial Awareness

આત્મીય વાલીશ્રી, વંદેમાતરમ્

જય ભારત સાથ જણાવવાનું કે બાળકોમાં નાનપણથી નાણાકીય જાગૃતતા આવે તે હેતુથી ગત વર્ષે આપણા સૌના સહિયારા પ્રયત્નોથી બાળકોએ ફાયનાન્સીયલ અવેરનેસ અંતર્ગત બચત માટે ત્રણ બરણી,મંથલી બજેટ એક્ટિવિટી અને આદત કેળવો - વળતર મેળવો જેવી રસમય પ્રવૃત્તિઓ કરી હતી.

જે બાળકોએ ગત વર્ષે બચત માટેની ત્રણ બરણી બનાવી હતી તે બાળકોને ખૂબ ખૂબ અભિનંદન અને તેમના વાલીશ્રીને પણ ખાસ કહેવાનું કે બચત માટેની ત્રણ બરણીની જે પ્રવૃત્તિ છે તે પ્રવૃત્તિ વાલીશ્રી બાળકને સાથે રાખીને કરે તે માટે નમ્ર નિવેદન છે.

ચાલુ શૈક્ષણિક વર્ષમાં ફાયનાન્સીયલ અવરનેસ અંતર્ગત બચત માટેની ત્રણ બરણીની પ્રવૃત્તિ માટે વાલીશ્રીએ બાળકોને પ્રોત્સાહન આપવું.

આપણે સૌ બચતનું મહત્ત્વ સમજીએ છીએ. આપણે નાના હોઈએ ત્યારથી આપણને તહેવાર કે જન્મદિવસે મળતા રૂપિયા આપણા ગલ્લા (પિગી બેન્ક)માં નાખતાં હોઈએ છીએ. આજે આપણે આપણા બાળકો માટે પણ એ જ પ્રકારે ઘરે ગલ્લો રાખી બાળકોને મળતા રૂપિયા તેઓ ગલ્લામાં નાખે તેવી પ્રવૃત્તિ કરાવતા હોઈએ છીએ.

બાળકોને નાનપણથી રૂપિયાની બચત શીખવવાની સાથો સાથ રૂપિયાનો ખર્ચ ક્યારે કરવો અને ક્યાં કરવો તેમજ તેનાં **દ્વારા** કોઈને મદદ કરવાનું પણ શીખવવું ખૂબ જરૂરી છે.

બાળકોને બચતના પાયાના પાઠ ભણાવવાની શરૂઆત તેમના પ્રાથમિક અભ્યાસની સાથે જ કરી દેવી જોઈએ.

**- વૉરેન બફેટ**

મોટાભાગના માતા-પિતા જાણે છે કે આપણે બાળકોને નાણાકીય વ્યવહાર વિશે શીખ આપવી ખૂબ જરૂરી છે,પરંતુ આપણને ખબર હોય અને આપણે તેનો અમલ કરતાં હોઈએ આ બે બાબતોમાં બહુ ફરક છે.
બાળકોને નાની ઉંમરેથી જ સમજ આપવી જરૂરી છે કે,

- પૈસા ક્યાંથી (આવક) આવે છે અને ક્યાં જાય છે(જાવક)
- પૈસાનું મૂલ્ય
- જરૂરિયાત અને ઈચ્છા વચ્ચેનો ફરક
- બચતનું મહત્ત્વ

**પ્રવૃત્તિ :- બચત માટે ત્રણ બરણી**

આપણી શાળા શ્રી વસિષ્ઠ વિદ્યાલય, વાવમાં ધોરણ ૧ થી ૫ માં અભ્યાસ કરતાં બાળકોમાં ફાયનાન્સીયલ જાગૃતતા આવે તેવાં હેતુથી અલગ અલગ પ્રવૃત્તિ કરાવવામાં આવે છે. આપણા બાળકો નાણાકીય જાગૃતતાના ભાગ સ્વરૂપે માતા-પિતાની મદદથી નીચેની પ્રવૃત્તિ શરૂ કરશે. જેમાં બાળકો માટે તમારે એક નહીં પણ ત્રણ ગલ્લા બનાવવાના છે.જે માટે તમે ત્રણ બોક્સ,બરણી, ગલ્લા, ડબ્બા, જેની અનુકૂળતા હોય તેનો ઉપયોગ કરી શકશો. ત્રણ ગલ્લા બનાવી તેમની ઉપર નીચે મુજબના ત્રણ નામ લખવાના છે.




PTO

## વાપરવાના-વહેંચવાના –વાવવાના ગલ્લાની સમજૂતી

- બાળક પાસે જયારે કોઈ તહેવારે,જન્મદિવસે, પ્રસંગે કે કોઈપણ રીતે રૂપિયા આવે ત્યારે તેમાં ત્રણ ભાગ કરવાના રહેશે.
- ઉપરોક્ત ગલ્લામાં બતાવ્યા પ્રમાણે તે દરેકમાં મળેલા રૂપિયાનો એક-એક ભાગ નાખવાનો રહેશે.
- આ ત્રણ ભાગમાં એક ભાગ 25% બીજો ભાગ 25%અને ત્રીજો ભાગ 50% કરી શકાય .
- ત્રણેય ભાગ સરખા 33.33% પ્રમાણે કરી શકાય.
- અથવા બે ભાગ 40%, 40% અને એક ભાગ 20%નો પણ કરી શકાય.
  અ ત્રણેય ગલ્લામાં ક્યા ગલ્લામાં કેટલા રૂપિયા નાંખવા તેનું બંધારણ નક્કી કરવામાં બાળક સાથે ચર્ચા કર્યા પછી જ ફાઈનલ કરવું.
- આ માટે આપણે ત્રણેય ગલ્લાની વિશેષતા સમજવી જરૂરી છે.

**ગત વર્ષે બાળકોએ બનાવેલ ગલ્લામાં ભેગી થયેલી રકમ જે તે ગલ્લાનાં નામ પ્રમાણેના હેતુ માટે વપરાય તે દિશામાં આ વર્ષે વધુ પ્રયત્ન કરીએ.**

1) <u>વાપરવાનો (Spending)</u> :- આ ગલ્લામાં જે રૂપિયા ભેગા થાય તેમાંથી બાળકને કોઈ વસ્તુ ખરીદવી હોય ત્યારે તેનાં માટે ગલ્લાની રકમનો ઉપયોગ થઈ શકે. કોઈક વાર ઘર માટે કોઈ વસ્તુ લાવવાની હોય તો બાળકના આ ગલ્લામાંથી તે થોડીક રકમ આપે અને આ રીતે બાળકને પણ હિસ્સેદાર બનાવી શકાય.

2) <u>વહેંચવાના (Sharing):-</u> આ ગલ્લામાં જે રૂપિયા ભેગા થાય તેમાંથી અન્ય ગરીબ, જરૂરિયાતમંદ લોકોને મદદ માટે ઉપયોગ થઈ શકે. તહેવારમાં કે અન્ય પ્રસંગે અંધજન,અનાથ બહેરા-મૂંગા, અપંગ વગેરેની સંસ્થામાં બાળકને લઈ જઈ તેનાં હાથે દાન કરાવી શકાય.બાળકો ધાર્મિક પ્રસંગ કે મંદિર જાય ત્યારે આરતીમાં પૈસા મૂકવા માટે ગલ્લાની રકમનો ઉપયોગ કરી શકે.

3) <u>વાવવાના (Saving)</u>:- આ ગલ્લાનું અનેરું મહત્ત્વ છે.આ ગલ્લામાં જે રકમ ભેગી થાય તેને દર છ મહીને તેનાં બેંક અકાઉન્ટમાં જમા કરાવવાની રહેશે. જયારે બેંકમાં જમા કરાવવા જઈએ ત્યારે અનુકૂળતા હોય તો બાળકને પણ આપણે સાથે લઈ જઈએ.

બાળકને આપણે જે રૂપિયા બેંકમાં જમા કરીએ તેનાં પર વર્ષને અંતે બેંકવાળા વ્યાજ સ્વરૂપે થોડાક બીજા રૂપિયા આપણા અકાઉન્ટમાં જમા કરે તેની સમજૂતી આપી શકાય.

આપ સૌ વાલી મિત્રો બાળકોને સાથે રાખી ત્રણ ગલ્લા Spending-Sharing –Saving - (વાપરવાના –વહેચવાના –વાવવાના) ની પ્રવૃત્તિ ઉત્સાહ સભર કરાવીશું અને તેમાં જમા થયેલા રૂપિયા જે તે હેતુ માટે વપરાય તેમાં બાળકને સાથ આપી બાળકોની ફાયનાન્સીયલ જાગૃતતા વધારીશું.

